પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯ | ૨૧ માર્ચ, ૨૦૧૭, મંગળવાર ; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચાર જીએસટી પૂરક બિલને લીલીઝંડી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટ બેઠકમાં લીલીઝંડી : ઐતિહાસિક જીએસટીને અમલી બનાવવાની દિશામાં પગલું : આ સપ્તાહમાં જ સંસદમાં ચારેય બિલ ઉપર ચર્ચા હાથ ધરવામાં આવે તેવી વકી



નવી દિલ્હી, તા. ૨૦

કેન્દ્રિય કેબિનેટે આજે ચાર જીએસટી પૂરક બિલને લીલી ઝંડી આપી દીધી હતી. આની સાથે જ ઐતિહાસિક જીએસટીને અમલી બનાવવાની દિશામાં મોદી સરકારે વધુ એક પગલું ભરી લીધું છે. ચાર જીએસટી પૂરક બિલને કેબિનેટે મંજુરી આપ્યા બાદ હવે સંસદમાં તેમની રજુઆત માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. જે ચાર પૂરક બિલ છે તેમાં કમ્પેનસેશન લો, સેન્ટ્રલ-જીએસટી, ઈન્ટેગ્રેટેડ-જીએસટી અને યુનિયન ટેરેટરી જીએસટીનો સમાવેશ થાય છે. મની બિલ તરીકે આ બિલ હવે રજુ કરવામાં આવશે. જીએસટી પૂરક બિલને કેબિનેટ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. આ બિલ હવે આ સપ્તાહમાં જ સંસદમાં રજુ કરવામાં આવનાર છે. જીએસટી બિલ આજની બેઠકમાં એકમાત્ર એજન્ડા તરીકે રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક આજે મળી હતી. સંસદમાં એકસાથે ચર્ચા માટે આ ચારેય બિલ હાથ ધરવામાં આવ્યા હતા. સંસદ દ્વારા એક વખતે મંજુર

● અનુસંધાન પાન-૭ પર

# યોગી હવે લાલ બત્તીવાળા વાહનનો ઉપયોગ નહીં કરે

## યોગીની સાથે સાથે અન્ય કેબિનેટ મંત્રી લાલ બત્તીવાળી ગાડીનો ઉપયોગ નહીં કરે



લખનૌ, તા. ૨૦

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થયા બાદ યોગી આદિત્યનાથ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. સાથે સાથે અન્યો માટે દાખલા બેસાડવાની દિશામાં આગળ પણ વધી રહ્યા છે. યોગી આદિત્યનાથે મંત્રીઓ માટે સંપત્તિ જાહેર કરવા માટેનો આદેશ જારી કર્યા બાદ હવે વીઆઈપી કલ્ચર ઉપર પણ પ્રહાર કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે યોગી અને તેમના મંત્રી પોતાના વાહનોમાં લાલ બત્તીનો ઉપયોગ કરશે નહીં. આની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે. જો યોગી આવું કરે છે તો પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ બાદ લાલ બત્તી વગર ગાડીમાં ચાલનાર બીજા મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ ડ્રો

## સ્ટાર સ્પીનર રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટ મેચમાં નવ વિકેટ ઝડપી : બેવડી સદી ફટકારનાર ચેતેશ્વર પૂજારા મેન ઓફ ધ મેચ

રાંચી, તા. ૨૦

રાંચીના જેએસસીએ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ આજે ડ્રોમાં પરિણમી હતી. ઓસ્ટ્રેલિયાએ તેના બીજા દાવમાં છ વિકેટે ૨૦૪ રન બનાવ્યા હતા. આ ટેસ્ટ મેચને ડ્રો જાહેર કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી હોન્ડસકોમ્બ ૭૨ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. જ્યારે સોન માર્શ ૫૩ રન કરીને આઉટ થયો હતો. ભારત તરફથી જાડેજાએ ૫૪ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં બંને ટીમો ૧-૧ ટેસ્ટ જીતીને બરોબરી ધરાવે છે. આ ટેસ્ટ મેચમાં બેવડી સદી ફટકારનાર ચેતેશ્વર પુજારાને મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ ટેસ્ટ મેચમાં જાડેજાએ જોરદાર દેખાવ કરીને ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનીંગ્સમાં પાંચ અને ઓસ્ટ્રેલિયાની બીજી ઈનીંગ્સમાં ચાર વિકેટ ઝડપી હતી. તે નવ વિકેટ ઝડપીને આ ટેસ્ટ મેચમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર બોલર તરીકે રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ આ ટેસ્ટ મેચ ડ્રોમાં ખેંચી કાઢી હતી. ગઈકાલે ચોથા દિવસે ભારતે તેની સ્થિતિ અતિ મજબૂત બનાવી લીધી હતી. નવ વિકેટે ૬૦૩ રને દાવ ડિકલેર કર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ તેની બીજી ઈનીંગ્સ શરૂ કરી હતી. ચાર વિકેટ ૬૩ રનનમાં ગુમાવી દીધા બાદ એક વખતે લાગી રહ્યું હતું કે આ ટેસ્ટ મેચમાં પણ ભારતીય ટીમના બોલરો જોરદાર દેખાવ કરીને ઓસ્ટ્રેલિયાને સસ્તામાં પવેલિયન ભેગા કરશે પરંતુ આ યોજના સફળ રહી ન હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ખરાબ દેખાવ કરનાર કોલેજ અને યુનિવર્સિટી બંધ કરાશે

## નવા રોડમેપ પર કેન્દ્ર સરકાર દ્વારા કામ જારી : તમામ પ્રયાસો છતાં પણ સુધારા નહી થાય તો તેમને બંધ કરવા અને અન્યની સાથે મર્જ કરવા માટે આદેશ કરાશે

નવી દિલ્હી,તા. ૨૦

ખરાબ દેખાવ કરનાર કોલેજ અથવા તો યુનિવર્સિટી યુજીસીની સહાયતા સાથે ચાલતા મેન્ટરિંગ પ્રોગ્રામ છતાં પોતાના પ્રોગ્રામમાં જો સુધારા કરશે નહી તો તેમને બંધ કરી દેવામાં આવશે અથવા તો અન્યની સાથે મર્જ કરવા માટે આદેશ કરવામાં આવનાર છે. વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન શૈક્ષણિક સંસ્થાઓના કાયાકલ્પ કરવાની તૈયારીમાં છે. કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે એક રોડમેપ બનાવવાની તૈયારીમાં છે. સુત્રોએ કહ્યુ છે કે તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીના ઓડિટ પર વિચારણા કરવામાં આવી રહી છે. ઓડિટ કરવામાં આવ્યા બાદ જુદા જુદા માપદંડના આધાર પર તેમના દેખાવના આધારે તેમને ત્રણ શ્રેણીમાં વિભાજિત કરવામાં આવનાર છે. એક શ્રેણી એવી સંસ્થાઓ માટે રહેશે જે શાનદાર દેખાવ કરી રહી છે. બીજી શ્રેણી એવી રહેશે જેમાં સુધારાની જરૂર દેખાઈ રહી છે. ત્રીજી અને છેલ્લી શ્રેણીમાં એવી સંસ્થાઓ રહેશે જે ખરાબ દેખાવ કરી રહી છે. પહેલી શ્રેણીની સંસ્થાઓને તેમના શાનદાર દેખાવ બદલ ઈનામ અપાશે. તેમને વધારે સ્વાયત્તા અપાશે અને ગ્રાન્ટ અપાશે. જ્યાર બીજી શ્રેણીમાં રહેલી સંસ્થાઓને અધિકારી કેટલીક ખાસ સલાહ આપનાર છે. તેમની ખામી દુર કરવા માટે સલાહ આપશે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### આઈડિયા-વોડાફોનનુ મર્જર બનાવશે દેશની સૌથી મોટી ટેલીકોમ કંપની



ટેલીકોમ કંપની આઈડિયા સેલ્યુલરે જણાવ્યુ છે કે તેમના બોર્ડે વોડાફોન ઈન્ડિયા સાથેના મર્જરને મંજૂરી આપી દીધી છે. આ મર્જર બાદ તે ૪૩ ટકા માર્કેટ ભાગીદારી સાથે ભારતની સૌથી મોટી ટેલીકોમ કંપની બની જશે. જેના ચેરમેન પદે કુમાર મંગલમની વરણી કરાઈ છે.

### મણિપુરમાં ભાજપે ફ્લોર ટેસ્ટ પાસ કરી



મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે રાજ્યની વિધાનસભામાં થયેલા ફ્લોર ટેસ્ટમાં બહુમતી મેળવી છે. તેમણે ૩૩ એમએલએનો વિશ્વાસ મત મેળવી ફ્લોર ટેસ્ટમાં બહુમતી મેળવી છે.

### ભારતના આ સદ્દામ હુસૈનને ૪૦ વખત નોકરી માટે નકારી કઢાયો

ઈરાકના નેતા સદ્દામ હુસૈનને



ફાંસી અપાયાને લાંબો સમય વીતી ગયો છે છતાં પણ આજે કોઈ તેના નામની કિંમત ચૂકવી રહ્યુ છે. સદ્દામ હુસૈન નામના ૨૫ વર્ષિય ભારતીય મરીન એન્જિનિયરને અત્યાર સુધી ૪૦ વખત નોકરી આપવા માટે ઈન્કાર કરાયો છે.

### બિહારમાં સૌથી વધુ લોકો સાંભળે છે 'મન કી બાત'

પીએમ નરેન્દ્ર મોદીના રેડિયો



પ્રોગ્રામ 'મન કી બાત'ને સૌથી વધુ બિહાર રાજ્યમાં સાંભળવામાં આવે છે. ઓલ ઈન્ડિયા રેડિયો ઓડિયન્સ રીસર્ચ વિંગના એક પ્રોગ્રામ સર્વેમાં આ ખુલાસો થયો છે. બિહાર બાદ ગુજરાત અને મધ્યપ્રદેશમાં સૌથી વધુ મન કી બાત લોકો સાંભળે છે.

ROYAL CATERERS
RC Caterers
BIRYANI & CHICKEN CURRY POINT
Free Home Delivery On Parcel
For Sector 1 to 30 - Gandhinagar
M. +91 94266 01227/70485 00012
We take All Functions & Parties Orders
Chip Type Shopping, 421/5, Opp. Central University of Gujarat, Sector -29, Gandhinagar-382029. Guj. E-mail : royalcaterers912@gmail.com

www.careerlauncher.com
www.cleducate.com

Indian test prep market estimated at Rs. 37,800 crores as of 2015-16. Growing at approx. 14% CAGR from 2008-09 to 2015-16
The Indian book publishing industry is expected to grow at 10-11% to reach Rs. 41,500 crores from 2015-16 to 2020-21
PSUs to recruit at entry level positions using GATE scores
Digital education industry estimated at Rs. 2,430 crores in 2014-15, to reach Rs. 10,060 crores by 2019-20
CLAT test prep market projected to grow at 16% CAGR from 2015-16 to 2020-21
Among the job-oriented tests, UPSC expected to register the highest growth at 16% CAGR from 2015-16 to 2020-21
GATE: Expected to grow at 21% CAGR during the period 2015-16 to 2020-21. Highest growth among the post-graduate tests
CAT test prep market projected to reach Rs. 550 crores from 2015-16 to 2020-21



There's action in education

CL Educate is a well-recognized brand in the education sector. CL has diversified operations across coaching, publishing, research and knowledge services to universities and corporates.

*The data featured in the illustrative clippings above has been derived from CRISIL Research, study of specific segments within the education services sector dated November, 2016.

Career Launcher
CL educate

CL Educate Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares ("Equity Shares") and has filed the RHP dated March 8, 2017 with the Registrar of Companies, NCT of Delhi and Haryana. The RHP will be available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com, www.nseindia.com, respectively and the BRLM at www.investmentbank.kotak.com. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, refer to the RHP including the section titled "Risk Factors" on page 14 of the RHP.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold in the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. The Equity Shares are being offered and sold only outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of each jurisdiction where such offers and sales occur.
Adfactors/455

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
26562324/22
9427455274
9408643756
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી ટીફીન સર્વિસ
જાન્હવી ગૃહ ઉદ્યોગ
શુદ્ધ - સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન.
આપના તમામ શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
ઓફીસના કોન્ફરન્સ અને મીટીંગ માટે બલ્કમાં ઓર્ડર લેવામાં આવશે.(ડીસ્પોઝેબલ ડીસમાં)
Call : 9924684206
99246 84208
હોમ સર્વિસ ફ્રી (ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)
ઘરનું ભોજન